# મહાશિવરાત્રીનું આધ્યાત્મિક મહત્વ

ભારતીય જન માનસમાં એવી માન્યતા છે કે શિવમાં સર્જન તથા વિનાશની શક્તિ છે. તેઓની એ પણ માન્યતા છે કે, શિવ આશુતોષ છે અર્થાત્ જલ્દી અને સહજ રીતે પ્રસન્ન થવાવાળા છે. આ ભાવના સાથે તેઓ શિવ જળ ચઢાવે છે. અને તેમની પૂજા કરે છે. પરંતુ પ્રશ્ન ઉદ્‌ભવે છે કે જીવનભર દરરોજ શિવની પૂજા કરવા છતાં તથા દર વર્ષે શ્રધ્ધા સાથે શિવરાત્રીના દિવસે વ્રત, જાગરણ વિગેરે કરવા છતાં મનુષ્યના પાપ તથા મુશ્કેલીઓ કેમ દૂર થતી નથી ? તેને મુક્તિ અને જીવનમુક્તિ અથવા શક્તિ કેમ નથી મળતી ? તેને રાજય ભાગ્યનું અમર વરદાન શા માટે નથી મળતુ ? છેવટે શિવને પ્રસન્ન કરવાની સાચી વિધિ શું છે ? શિવરાત્રીનું વાસ્તવિક રહસ્ય શું છે? આપણે સાચી શિવરાત્રી કેવી રીતે મનાવીએ ? શિવનો રાત્રી સાથ શું સંબંધ છે, જયારે કે અન્ય દેવતાઓની પૂજા–અર્ચના દિવસે થાય છે. શિવરાત્રી સાથે જોડાયેલા આ પ્રશ્નોના જવાબ તેના આધ્યાત્મિક રહસ્યને સ્પષ્ટ કરે છે.

## મહાશિવરાત્રી અજ્ઞાનતા અને પાપાચારની સૂચક છે :

શિવરાત્રી ફાગણ માસના અમાસના એક દિવસ અગાઉ મનાવામાં આવે છે. પરમપિતા પરમાત્મા શિવનું અવતરણ આ ધરતી પર કળિયુગના અંતના થોડા વર્ષો અગાઉ થયું હતુ, જયારે આખી સૃષ્ટિ પર અજ્ઞાન અંધકારમાં હીત. આ કારણે શિવનો સંબંધ રાત્રિ સાથે જોડવામાં આવે છે. અને પરમાત્મા શિવને પૂજાનું વધુ મહત્વ આપવામાં આવે છે. શ્રી નારાયણ તથા શ્રીરામ વિગેરે દેવતાઓનું પૂજન તો દિવસે થાય યે કારણકે, શ્રીનારાયણ અને શ્રીરામનો જન્મ સતયુગ તથા ત્રેતાયુગમાં થયો હતો. મંદિરોમાં આ દેવતાઓને રાત્રે સૂવડામાં આવે છે. અને દિવસે જગાડવામાં આવે છે. પરંતુ પરમાત્મા શિવની પૂજા માટે તો ભક્તો રાક્ષે જાગે છે.

આ રહસ્યને વ જાણવાને કારણે ઘણાં લોકો કહે છે કે શિવ તમોગુણના આધાર છે માટે શિવની પૂજા રાત્રે થાય છે અને તેની યાદમાં શિવરાત્રી મનાવવામાં આવે છે. આ માન્યતા બિલ્કુલ ખોટી છે કારણકે વાસ્તવમાં ભિવ તમોગુણના સંહારક છે, શિવને કલ્યાણકારી, પાપકટેશ્વર તથા મુક્તેશ્વર કહેવામાં આવે છે. શિવનું કર્તવ્ય આત્માઓનું કલ્યાણ કરવાનું છે.

આમ વાસ્તવમાં શિવરાત્રી એટલા માટે મનાવામાં આવે છે. પરમાત્મા શિવે કલ્પના અંત સમયે અવતરિત થઈને અજ્ઞાનતા, દુઃખ અને અશાંતિને સમાપ્ત કરી હતી.

## મહાશિવરાત્રીનું આધ્યાત્મિક મહત્વ :

મહાશિવરાત્રી માટે એક માન્યતા તો એ પણ છે કે આ રાત્રિ પરમપિતા પરમાત્મા શિવે મહાસંહાર કરાવ્યો હતો, બીજી માન્યતા એ છે કે આ રાત્રે ઈશ્વરે રચનાનો પ્રારંભ કર્યો હતો. પરંતુ પ્રશ્ન ઉઠે છે કે શિવ તો જયોતિ સ્વરૂપ અને અશરીરી છે. તેઓ સંહાર કેવી રીતે અને કોના દ્વારા કરાવે છે. અને નવી દુનિયાની સ્થાપનાની સ્પષ્ટ રૂપરેખા શું છે?

જયોતિ સ્વરૂપ પરમપિતા પરમાત્મા શિવ પ્રજાપિતા બ્રહ્મા દ્વારા સતયુગી સતોપ્રધાન સૃષ્ટિની સ્થાપના અને શંકર દ્વારા કળિયુગી તમોપ્રધાન સૃષ્ટિનો મહાવિનાશ કરાવે છે. કળિયુગના અંતમાં બ્રહ્માના તનમાં પ્રવેશ કરી તેમના મુખ દ્વારા જ્ઞાન ગંગા વહેવડાવે છે. આ માટે શિવને ગંગાધર કહે છે. અને સુધાકર અર્થાત અમૃત આપવાવાળા પણ કહે છે. પ્રજાપિતા બ્રહ્મા દ્વારા જે ભારત માતાઓ અને કન્યાઓ ગંગાધર શિવની જ્ઞાન ગંગામાં સ્નાન કરે છે અથવા સુધા (અમૃત) નું પાન કરે છે, તે જ શિવ શક્તિઓ અથવા અંબા, સરસ્તવતી વિગેરે નામોથી પ્રખ્યાત બને છે. આ ચૈતન્ય જ્ઞાન ગંગાઓ અથવા બ્રહ્માની માનસ પુત્રીઓ જ શિવનો આદેશ પ્રાપ્ત કરીને ભારતના જન–જનને શિવ જ્ઞાન દ્વારા પાવન બનાવે છે. આ માટે શિવને પતિત પાવન અથવા પાપ કટેશ્વર પણ કહેવાય છે. તેઓ સર્વ મનુષ્યાત્માઓને શરીરથી મુક્ત કરીને શિવલોકમાં લઈ જાય છે, આથી તેઓ મુક્તેશ્વર પણ કહેવાય છે. આ બંને કાર્યો કળિયુગના અંતમાં અજ્ઞાનરૂપી રાત્રિના સમયે શિવ દ્વારા જ સંપન્ન થાય છે.

આમ શિવરાત્રિ સમગ્ર સૃષ્ટિના સર્વ મનુષ્યાત્માઓના પારલૌકિક પરમપિતા પરમાત્માના દિવ્ય જન્મનો દિવસ છે અને બધાની મુક્તિ અને જીવનમુક્તિ રૂપી સર્વશ્રેષ્ઠ પ્રાપ્તિની યાદ અપાવે છે.

આ કારણે શિવરાત્રિ તમામ જન્મોત્સવ અથવા જયંતિઓની સરખામણીમાં મહાન છે, કારણકે અન્ય સર્વે જન્મોત્સવ મનુષ્યાત્માઓ અથવા દેવતાઓના જન્મ દિવસની યાદમાં ઉજવવામાં આવે છે, જયારે શિવરાત્રી મનુષ્યને દેવતા બનાવવાવાળા દેવોના પણ દેવ ધર્મપિતાઓના પણ પિતા સદગતિ દાતા પરમપ્રિય, પરમપિતા પરમાત્માના દિવ્ય તથા પરમકલ્યાણી જન્મનો અર્થાત્ અવતરણની યાદગાર ઉત્સવ છે. તેને સમગ્ર સૃષ્ટિની સર્વે મનુષ્યાત્માઓને પરમપિતા પરમાત્માનો યથાર્થ પરિચય ન હોવાના કારણે શિવ જયંતિનું મહત્વ ખૂબ ઓછું થઈ ગયું છે. અને લોકો ધર્મના નામે ઈર્ષ્યા અને લડાઈ કરે છે.

<u>સાચી શિવરાત્રી મનાવાની રીત</u> :-

ભક્ત લોકો શિવરાત્રીના તહેવારે આખી રાત જાગરણ કરે છે તથા ઉપવાસ કરે છે જેથી ભગવાન શિવ પ્રસન્ન થાય છે પરંતુ મનુષ્યાત્માઓને તમોગુણી બનાવવાળા તો પાંચ વિકાર છે જયાં સુધી મનુષ્ય આ વિકારોનો ત્યાગ કરતા નથી ત્યાં સુધી તેની આત્માની જાગૃતિ નથી થઈ શકતી. શિવરાત્રી મહોત્સવ તો કળિયુગ અંતના એ વર્ષોની યાદગાર છે, જેમાં ભગવાન શિવે મનુષ્યોને જ્ઞાન દ્વારા પાવન બનાવી કલ્યાણ યોગ્ય બનાવવા હતા. આથી શિવરાત્રીનું વ્રત આખુ વર્ષ મનાવવું જોઈએ કારણકે વર્તમાન સંગમયુગમાં પરમાત્માનું અવતરણ થઈ ચૂક્યુ છે. આ કળિયુગી સૃષ્ટિના મહાવીનાશની સામગ્રી અણુબોમ્બ, હાઈડ્રોજન બોમ્બ વિગેરેના રૂપમાં તૈયારી થઈ ચૂકી છે તથા પરમપિતા પરમાત્મા દ્વારા વિશ્વ નવ-નિમાર્ણનું કર્તવ્ય ચાલી રહ્યું છે. હવે મહાવિનાશના સમય સુધી બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીએ જેથી મનોવિકારો ઉપર જ્ઞાનયોગ દ્વારા વિજય પ્રાપ્ત કરી શકાય. આ મહાવ્રત શિવવ્રતના નામથી પ્રસિધ્ધ છે. આ વ્રત દ્વારા મનુષ્યાત્માઓ આ સંસારરૂપી વિષય સાગરથી તરીને, મુક્ત થઈને શિવલોકમાં ચાલી જાય છે. આ વર્ષે પરમાત્મા શિવે આ સૃષ્ટિ પર અવતરિત થયે ૭૪ વર્ષ થઈ ચૂક્યા છે. પરમાત્મા શિવ ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગના શિક્ષણ દ્વારા સર્વે મનુષ્યાત્માઓને પાવન બનાવી રહ્યા છે. આપ પણ પરમાત્મા સાથે સાચી શિવરાત્રી મનાવીને જન્મ-જન્માંતર માટે શ્રેષ્ઠ ભાગ્ય પ્રાપ્ત કરી શકો છો.

- ब्रह्माकुमारीज् वार्ता फिचर्स
www.bkvarta.com